અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ
પ્રમાણપત્ર આપવામાં સરળીકરણ
કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ક્રમાંક: અજપ/૧૦૨૦૧૨/૪૦૦૧૧૮/હ
સચિવાલય, ગાંધીનગર

**તા: ૦૫/૦૧/૨૦૧૩**

વંચાણમાં લીધા:

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ, તા: ૦૨/૦૮/૨૦૧૦.
૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનાં તા: ૨૨/૦૬/૨૦૧૨ ના પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૧૨/૩૨૫૨ થી કરેલ દરખાસ્ત.

## ઠરાવ:

અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી, સમય મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની સૂચનાઓ વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) ઉપરના તારીખ: ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૨/૩૬૩૪૪૬/હ થી આપવામાં આવેલ છે. વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) ઉપરની નિયામકશ્રીની દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે તારીખ: ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવમાં સુધારો કરીને અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી સમય મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે, નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧. આ વિભાગના તારીખ ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૨/૩૬૩૪૪૬/હ ના પ્રસ્તાવના ક્રમાંક (૧) માં અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા જે અધિકરીઓશ્રીને સત્તા સોંપેલ છે, તેમાં (૧) પ્રયોગ કેન્દ્ર સંચાલક વર્ગ-૨ તથા (૨) હાઉસ માસ્ટરશ્રી સરકારી છાત્રાલય વર્ગ-૨ નો ઉમેરો કરવામાં આવે છે.

૨. આ વિભાગના તારીખ: ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૨/૩૬૩૪૪૬/હ ના મુદ્દા નં-૨ માં જે જોગવાઈઓ છે તે રદ કરી નીચે દર્શાવેલ જોગવાઈઓનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨.૧ ઠરાવની સાથે નિયત કરવામાં આવેલ અરજીપત્રમાં ક્રમ-૯ માં અરજદારનું શાળા છોડ્યાનું અસલ પ્રમાણપત્ર અને પ્રમાણીત નકલ રજુ કરવાની જોગવાઈ છે, તેના બદલે ગેઝેટેડ અધિકારી અથવા નોટરી દ્વારા પ્રમાણીત નકલ રજૂ કરવાની રહેશે.
૨.૨ પિતાના શાળા છોડ્યાના અસલ પ્રમાણપત્રના સ્થાને ગેઝેટેડ અધિકારી અથવા નોટરી દ્વારા પ્રમાણીત નકલ રજૂ કરવાની રહેશે.

૨.૩ જો પિતા અભણ હોય તો અરજદારના કાકાના શાળા છોડ્યાના અસલ પ્રમાણપત્રના સ્થાને ગેઝેટેડ અધિકારી અથવા નોટરી દ્વારા પ્રમાણીત નકલ રજૂ કરવાની રહેશે.

૨.૪ પિતા અને કાકા બંને અભણ હોય તો તેવા કેસોમાં અરજદારના સગા ભાઈ અને બહેનનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જે તે શાળાનું બોનાફાઈડ સર્ટીફીકેટ અથવા જાતિ પ્રમાણપત્ર પૈકી કોઈ એક ની ગેઝેટેડ અધિકારી અથવા નોટરી દ્વારા પ્રમાણીત નકલ રજૂ કરવાની રહેશે.

૨.૫ અરજદારના કોઈ સગા ભાઈ બહેન ના હોય તેવા કેસોમાં અરજદારના કાકાના દિકરા-દિકરીના શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બોનાફાઈડ સર્ટીફીકેટ, જાતિ પ્રમાણપત્રની ગેઝેટેડ અધિકારી અથવા નોટરી દ્વારા પ્રમાણીત નકલ અને તલાટી કમ મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ અસલ પેઢીનામાને માન્ય ગણવાનું રહેશે.

૩. જિલ્લા કક્ષાએ કચેરીના કામકાજના દિવસો દરમ્યાન અરજદારની અરજી સ્વીકારવાની કાયમી વ્યવસ્થા રાખવાની રહેશે.

૪. કચેરીના કામકાજના દિવસો દરમ્યાન જિલ્લા અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રી કચેરી ખાતે હાજર હોય તો તે જ દિવસે જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કરવાનું રહેશે.

૫. અરજદારની જાતિ પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં કોઈ પૂર્તતા કરવાની જરૂરીયાત જણાતી હોય તો તે બાબત જિલ્લા અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કક્ષાએજ નિર્ણીત થવી જોઈએ.

૬. જિલ્લા અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રી વિવેકબુધ્ધિ વાપરી, હકારાત્મક અભિગમ અપનાવે અને બદઈરાદાથી કે જાણીબુઝીને અપાયેલા ખોટા જાતિ પ્રમાણપત્ર સિવાયના કેસોમાં જિલ્લા અધિકારીશ્રીએ હકારાત્મક વલણને ધ્યાનમાં લઈ નિર્ણય કરવાનો રહેશે.

૭. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૩૦/૦૯/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ અજપ/૨૦૦૫/૯૩૭/ચ થી અનુસૂચિત જાતિનું જાતિ પ્રમાણપત્ર આપવા માટે તાલુકા કક્ષાએ અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કરવામાં આવે અથવા અરજી નકારવામાં આવે તો તેની એપેલેટ ઓથોરીટી અને મોનીટરંગ ઓથોરીટી હાલ જિલ્લા કલેકટરશ્રી છે, તેના સ્થાને અનુસૂચિત જાતિના સંબધીત કેસોમાં પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની નિમણુક એપેલેટ ઓથોરીટી તરીકે કરવામાં આવે છે.

૮. અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર સરળતાથી આપવા બાબત વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ, તાઃ ૦૨/૦૮/૨૦૧૦ ની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એલ.ઝાલા)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અબે અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીનાં સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યાય અને અધિ.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી( સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મદદનીશ કલેકટરશ્રી/ નાયબ કલેકટરશ્રી
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત)
- તમામ મામલતદારશ્રીઓ
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સિલેક્ટ ફાઈલ